પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૧૦૫, કુલ પાના:૪, તારીખ: ૨૫-૧૨-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 105 PRICE :-RS. 1.50 DATE : 25-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બ્રિટન અને અમેરિકામાં ઓમિક્રોનના પગલે કોરોનાની સ્થિતિ વધુને વધુ વિકરાળ

લંડન,

દુનિયાભરમાં કોરોના વાઈરસનો નવો વેરિઅન્ટ ઓમિક્રોન ભારે કહેર મચાવી રહ્યો છે અને મોટાભાગના દેશોને પોતાની ઝપટમાં લઈ લીધા છે. બ્રિટન, અમેરિકા, યુરોપના તમામ દેશો, ઈઝરાયલ વગેરે દેશોમાં ઓમિક્રોન કેસની રીતસર સુનામી જોવા મળી છે. એમાંય બ્રિટન અને અમેરિકામાં ઓમિક્રોનના પગલે કોરોનાની સ્થિતિ વધુને વધુ વિકરાળ બનતી જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં બ્રિટનમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૧,૧૯,૭૮૯ નવા કેસ નોંધાતા ખળભળાટ મચી ગયો છે. આમ યુકેમાં ૪૮ કલાકમાં જ સવા બે લાખથી વધુ નવા કેસ નોંધાયા છે અને અત્યારે યુકેમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૬.૫૦ લાખથી વધી ગઈ છે. ૨૮ દિવસમાં યુકેમાં ૧૪૭ સંક્રમિતોના મોત થયાં છે. ઓમિક્રોનના કારણે દુનિયામાં ૨૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં બ્રિટનમાં ૧૮, અમેરિકામાં એક અને ઈઝરાયલના એક મોતનો સમાવેશ થાય છે.

દુનિયાના બે વિકસિત દેશ અમેરિકા અને બ્રિટન સહિત યુરોપમાં ધ્રુજાવી દે એવા કોરોનાના આંકડા સતત સામે આવી રહ્યા છે. યુએસમાં છેલ્લા ૨૪ કલાકમાં જ કોરોનાના બે લાખ નવા કેસ સામે આવ્યા છે અને છેલ્લા ૭૨ કલાકમાં કોરોનાના છ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે.

ફ્રાન્સની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૯૧,૦૦૦ નવા કેસ નોંધાયા છે. જ્યારે સ્પેનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૨,૦૦૦ અને ઈટાલીમાં ૪૪,૦૦૦થી વધુ નવા કેસ નોંધાયા છે.

એક રિપોર્ટ અનુસાર, બ્રિટનમાં કોવિડ-૧૯ના કેસમાં એક સપ્તાહમાં ૬૦ ટકાનો જંગી ઉછાળો જોવા મળ્યો છે. એક અનુમાન અનુસાર, જાન્યુઆરીથી માર્ચ દરમિયાન અમેરિકામાં ઓમિક્રોનના ૧૪ કરોડ કેસ સામે આવી શકે છે. જોકે, તેના લક્ષણો ગંભીર નહીં હોય. અત્યારે પણ ઓમિક્રોનના ૭૩ ટકાથી વધુ કેસ અમેરિકામાં નોંધાઈ ચૂક્યા છે. વોશિંગ્ટન યુનિવર્સિટીના હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશન ઈન્સ્ટિટ્યૂટના નવા મોડલ અનુસાર, આગામી બે મહિનામાં દુનિયાભરમાં કોરોના સંક્રમણના ત્રણ અબજ કેસ સામે આવી શકે છે અને તેનું પીક જાન્યુઆરીના મધ્યમાં જોવા મળશે. સંશોધકોનું અનુમાન છે કે ઓમિક્રોનના કારણે લોકોનો હોસ્પિટલમાં દાખલ થવાનો દર ૯૦થી ૯૬ ટકા ઓછો રહેશે અને સંક્રમણનો મૃત્યુદર પણ ૯૭થી ૯૯ ટકા ઓછો રહેશે.


તા. ૨૫મી ડિસેમ્બર

આઝાદી નો અમૃત મહોત્સવ

ગુડ ગવર્નન્સ ડે – સુશાસન દિવસ

રાજ્ય સરકારના સુશાસન થકી છેવાડાના લોકોને મળી રહ્યો છે અવિરત વિકાસનો લાભ



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન

સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મ જયંતિ પર કોટી કોટી વંદન...



તા. ૨૫ થી ૩૧મી ડિસેમ્બર સુધી રાજ્યભરમાં સુશાસન સપ્તાહની ઉજવણી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં

તા.૨૫મી ડિસેમ્બરે, ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ

- નવા જનસંપર્ક એકમ-સ્વાગત કક્ષનો શુભારંભ
- esarkar (IWDMS 2.0)નો શુભારંભ
- સોગંદનામા સબંધી નવી નીતિની જાહેરાત
- બેસ્ટ પ્રેક્ટિસીસ કમ્પેડીયમનું વિમોચન

તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર સુધી જિલ્લા કક્ષાએ વિવિધ વિભાગોના કાર્યક્રમો યોજાશે જેમાં મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે

| તારીખ | વિભાગ | કાર્યક્રમની રૂપરેખા |
|---|---|---|
| ૨૬-૧૨-૨૦૨૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | પ્રધાનમંત્રી આવાસ યોજના, નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન, વેન્ડર સર્ટિફિકેટ ડિસ્ટ્રીબ્યુશન, વ્યક્તિગત આવાસ માટે બાંધકામના હપ્તાની ચુકવણી,૨૦૦ વિકાસ કામો જે પૈકી ભૂમિપુજન (૭૫) અને લોકાર્પણ (૧૨૫), આશ્રય સ્થાનોનું ભૂમિપુજન અને લોકાર્પણ, બેસ્ટ પ્રેક્ટિસીસ-૩/૪ નવા પોર્ટલનો પ્રારંભ |
| ૨૭-૧૨-૨૦૨૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ | વેક્સિનેશન ડ્રાઈવ<br>પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડનું વિતરણ |
| ૨૮-૧૨-૨૦૨૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | બેસ્ટ ફાર્મિંગ પ્રેક્ટિસીસનું નિદર્શન, કૃષિ/પશુપાલન/મત્સ્યોદ્યોગ વિભાગના લાભો/સહાયનું વિતરણ, કેટલ કેમ્પ અને વેક્સિનેશન |
| ૨૯-૧૨-૨૦૨૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ | વિધવા/વૃદ્ધ/અન્ય યોજનાકીય સહાયનું વિતરણ, વૃદ્ધાશ્રમ/નારી સંરક્ષણ ગૃહો/બાળ સંભાળ ગૃહોની મુલાકાત અને સ્વચ્છતા અભિયાન, દિવ્યાંગતા પ્રમાણપત્રોનું વિતરણ, કોર્પોરેશન દ્વારા સંચાલિત યોજનાઓમાં લોનની મંજૂરી, વન અધિકાર અધિનિયમ અંતર્ગત સનદનું વિતરણ , ખાતમુહૂર્ત/લોકાર્પણ |
| 30-૧૨-૨૦૨૧ | શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિભાગ | રોજગાર નિમણૂકપત્રો-એપ્રેન્ટિસશીપ કરારપત્રો કરાશે એનાયત, બેસ્ટ પ્રેક્ટિસીસ તથા તાલુકા કક્ષાએ ઈ-શ્રમ કાર્ડનું વિતરણ |
| ૩૧-૧૨-૨૦૨૧ | પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૫મા નાણાં પંચ અન્વયે કામોની મંજૂરી, ગ્રામ્ય કક્ષાએ સફાઈ અભિયાન, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામ્ય), ગ્રામ સભાઓનું આયોજન, નવા પંચાયત ઘરોનું ભૂમિપુજન/લોકાર્પણ, ગુડ ગવર્નન્સ/ડિજિટલ સેવાઓ |

તથા અનેકવિધ લાભો...

સુશાસન થકી જન કલ્યાણ માટે તત્પર રાજ્ય સરકાર


## શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૫૯, સૌથી વધુ પ્રદૂષણ નવરંગપુરા વિસ્તારમાં નોંધાયું

અમદાવાદ,

દુનિયામાં આજે કોરોના મહામારી એક મોટો મુદ્દો છે. જેને જડ મૂળમાંથી ખતમ કરવા દુનિયાનાં મોટા મોટા વૈજ્ઞાનિકો સતત પ્રયત્નો કરી રહ્યા છે, ત્યારે જળવાયુ પ્રદૂષણ પણ દુનિયાની એક મોટી સમસ્યા છે, જેના પર આજે દુનિયાએ જાણે મોંઢુ ફેરવી દીધુ છે. આપણા દેશમાં દિલ્હી કે જે રાજધાની છે અહી હવાની ગુણવત્તા ઘણી ખરાબ થઈ ગઈ છે. દિલ્હીની જેમ ગુજરાતનાં અમદાવાદ શહેરમાં પણ હવાની ગુણવત્તા બગડી ગઈ છે.



અમદાવાદ શહેરમાં હવા સતત બગડી રહી છે. શહેરમાં વધતુ પ્રદૂષણ ચિંતાજનક છે. શહેરનાં એર ક્વોલિટી ઈન્ડેક્સની વાત કરીએ તો તે ૨૫૯ છે. જે દર્શાવે છે કે શહેરની હવામાં કેટલુ પ્રદૂષણ છે. શહેરનાં નવરંગપુરા વિસ્તારમાં સૌથી વધુ પ્રદૂષણ નોંધાયુ હતુ. શહેરનાં પીરાણાનો એકયુઆઈ ૩૧૩ જ્યારે બોપલનો એકયુઆઈ ૩૦૨ પર પહોંચ્યો હતો. શહેરમાં ઠંડીની સાથે સાથે પ્રદૂષણમાં પણ સતત વધારો લોકોનાં સેહતને સીધી અસર કરી શકે છે. વળી શહેરમાં વધી રહેલા વાહનોની સંખ્યા અને ફેક્ટરીનાં ફાટી નીકળેલો રાફડાને કારણે પ્રદૂષણનાં પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. હવામાં ઉડતી ધૂળ અને ધૂમાડાનાં કારણે હવા બિન આરોગ્યપ્રદ બની ગઈ છે. એર ક્વોલિટી ઈન્ડેક્સની વેબસાઈટનાં આંકડા મુજબ શહેરની હવામાં પ્રદૂષણ ખૂબ જ વધી ગયુ છે. શહેરનો એકયુઆઈ ૨૫૯ છે જે આરોગ્ય માટે બિલકૂલ પણ સારો નથી.

ઉલ્લેખનીય છે કે, શહેરની હવા જ્યારે ખરાબ થઈ હોય ત્યારે દમ અને ફેંફસાની બિમારી ધરાવતા દર્દીઓ માટે આ જોખમકારક સ્થિતિનું નિર્માણ થતુ જોવા મળી રહ્યું છે. શહેરનાં નારોલમાં આવેલા ઔદ્યોગિક એકમોમાંથી સતત નીકળી રહેલા ઝેરી ધૂમાડાથી નારોલ, પીરાણા સહિત આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ સતત વધી રહ્યું છે. જેને લઈને સ્થાનિકોના સ્વાસ્થ્યની સામે અનેક જોખમ ઉભા થઈ રહ્યાં છે.

## ચૂંટણી પંચ આરોગ્ય સચિવ સાથે ૨૭ ડિસેમ્બરે પાંચ રાજ્યોની ચૂંટણી સંદર્ભે ચર્ચા કરશે

નવીદિલ્હી,

દેશમાં ફરી એકવાર જીવલેણ કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે. ગઈકાલે અલ્હાબાદ હાઈકોર્ટે કોરોના વાયરસના ખતરાને કારણે ચૂંટણી રેલીઓ પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી હતી.આ અંતર્ગત ચૂંટણી પંચ પણ કોરોનાના સમયમાં વિધાનસભા ચૂંટણીને લઈને એલર્ટ થઈ ગયું છે. ત્રણ દિવસ પછી એટલે કે ૨૭ ડિસેમ્બરે ચૂંટણી પંચ કોરોનાની સ્થિતિમાં ચૂંટણીને લઈને આરોગ્ય સચિવ સાથે બેઠક કરવા જઈ રહ્યું છે.

દેશમાં કોરોનાના ખતરનાક પ્રકાર ઓમિક્રોનના કેસ સતત વધી રહ્યા છે. અલ્હાબાદ હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચૂંટણી પંચને રેલીઓ રોકવા અને ચૂંટણી મોકૂફ રાખવાની વિચારણા કરવા અપીલ કરી છે જેથી દેશને કોરોનાના ત્રીજા મોજાનો સામનો ન કરવો પડે. ચૂંટણીને લઈને ૫ રાજ્યોમાં સૌથી મોટી ચિંતા ઉત્તર પ્રદેશની છે, જ્યાં રેલીઓમાં ભીડ જોવા મળે છે.

ઉલ્લેખનીય છે કે હાઈકોર્ટે કહ્યું કે, જો જીવ હશે તો ચૂંટણી રેલીઓ અને સભાઓ થશે. બંધારણની કલમ ૨૧ આપણને જીવન જીવવાનો અધિકાર પણ આપે છે. દરરોજના કોરોનાના આંકડાઓને ટાંકીને કોર્ટે કહ્યું છે કે ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. જો સમયસર અટકાવવામાં નહીં આવે, તો પરિણામ બીજી લહેર કરતાં વધુ ભયાનક હશે.

દેશમાં અત્યાર સુધીમાં ૩૪૧ લોકો જીવલેણ કોરોના વાયરસના ખતરનાક ઓમિક્રોન પ્રકારથી સંક્રમિત થયા છે. કોરોનાના વધતા ખતરાને જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બેઠક બાદ પીએમ મોદીએ દેશવાસીઓને સાવચેત અને સાવધ રહેવાની સલાહ પણ આપી હતી. ઓમિક્રોનની ધમકી વચ્ચે પીએમ મોદીએ કોરોનાના આવનારા મોજા સામે દેશનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેટલું તૈયાર છે તેની સંપૂર્ણ અપડેટ લીધી હતી.

## ૧૪૦૦ એકે-૪૭ રાઈફલો અને ૨૨૬૦૦૦ રાઉન્ડ શસ્ત્રો અને દારૂગોળા મળી આવ્યો

નવીદિલ્હી,

અરબી સમુદ્રમાં અમેરિકન નૌ સેનાએ એક જહાજ પર સંતાડીને લઈ જવાતો મોટો હથિયારોનો જથ્થો પકડી પાડ્યો છે. નૌસેનાનો પાંચમો કાફલો પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે માછલી પકડતી એક બોટની શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી.આ બોટ પર કોઈ દેશનો ઝંડો નહોતો અને તેનુ રજિસ્ટ્રેશન પણ નહોતુ. અમેરિકન નૌસેનાના જવાનોએ તેની તલાશી લીધી ત્યારે તેમાંથી અધધ..૧૪૦૦ એકે-૪૭ અને ૨.૨૬ લાખ રાઉન્ડ ગોળીઓ મળી હતી.

નૌસેનાએ કહ્યુ હતુ કે, અરબ સાગરમાં લાગુ પડતા આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે દરેક જહાજે પોતાના દેશનો ધ્વજ ફરકાવવાનો હોય છે.જોકે આ બોટ પર કોઈ ધ્વજ નહોતો.બોટ પરથી પકડાયેલા પાંચ ક્રુ મેમ્બરો યમન દેશના હોવાનુ જાણવા મળ્યુ છે. આ લોકોને તેમના દેશ પાછા મોકલી દેવામાં આવશે.

આ હથિયારોનો જથ્થો યમનમાં સક્રિય હૂતિ બળવાખોર જૂથને મોકલવામાં આવી રહ્યો હતો.યમનનુ આ આતંકી જૂથ ઈરાનના સહયોગથી આતંક મચાવી રહ્યુ છે અને સાઉદી અરબ પણ તેમની સામે લડાઈ લડી રહ્યુ છે. ભારત સાથે જોડાયેલા અરબી સમુદ્રમાં અમેરિકન નેવીએ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. અમેરિકન નેવીની પાંચમી ફ્લીટે પેટ્રોલિંગ દરમિયાન ઉત્તર અરબી સમુદ્રમાં હથિયારોનો મોટો જખીરો પકડી પાડ્યો છે.. જેમાં ૧૪૦૦ એકે રાઈફલ અને વિસ્ફોટકો સામેલ છે. આ રાઈફલ એક માછલી પકડવાની બોટમાં છુપાવવામાં આવી હતી. મોટી વાત એ છે કે આ બોટ કોઈ પણ દેશમાં રજીસ્ટ્રેશન વગર જ સમુદ્રમાં જઈ રહી હતી. અમેરિકન નેવીએ દાવો કર્યો છે કે આ એક-૪૭ રાઈફલને યમનમાં હૂતી વિદ્રોહીઓને મોકલવામાં આવી રહી હતી.

આશંકા વ્યક્ત કરાઈ છે કે આ હથિયારોનું નિર્માણ ઈરાનમાં કરવામાં આવ્યું છે. નેવી અધિકારીના જણાવ્યા પ્રમાણે તેમને આ જહાજથી વાણિજ્યીક શિપિંગ અને તેમના નેવિગેશનને ખતરો ઉત્પન્ન થવાની આશંકા હતી. તેવામાં આદેશ મળ્યા બાદ જહાજના ચાલદ દળ અને હથિયારોને હટાવીને તેને સમુદ્રમાં ડુબાવી દીધું. જે બોટ પકડવામાં આવી તેના પર કોઈ પણ દેશનો ઝંડો લાગેલો ન હતો. તેમજ તે બોટનું સમુદ્રી ટ્રાફિક પર નજર રાખનારી સંસ્થાઓમાં કોઈ પણ રજીસ્ટ્રેશન કરાયેલું ન હતુ. આ બોટની શંકાસ્પદ ગતિવિધીને જોતા અમેરિકન નેવીના જવાનોએ તેની તલાશી લીધી તો તેઓ પણ ચોંકી ગયા હતા.. બોટમાં તેમને ૧૪૦૦ એકે-૪૭ અસોલ્ટ રાઈફલ અને ઓછોમાં ઓછી ૨ લાખ ૨૬ હજાર રાઉન્ડ કારતૂસ મળ્યા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# ૬૫ વર્ષિય વૃધ્ધ મહિલાના પેટમાંથી ૫.૬૦૦ કિ.ગ્રા.ની ગાંઠ બહાર કાઢી નવજીવન આપતાં લુણાવાડા જનરલ હોસ્પિટલના તબીબો

લુણાવાડા,
સ્વાસ્થ્ય અને કલ્યાકારી કાર્યક્રમોના અમલીકરણ માટે ગુજરાત રાજયનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સતત રાત-દિવસ પ્રયત્નશીલ રહેતો હોય છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણની આરોગ્યલક્ષી સેવાઓ છેવાડાના નાગરિકોને પૂરતી સારવાર અને સહાય પહોંચાડવાની સાથે અનેક નાગરિકોના જીવ બચાવવામાં સરકારી હોસ્પિટલની સેવા-સુવિધાઓ અને તબીબોની જહેમત આજે આશીર્વાદરૂપ બની રહે છે.

આવો જ કંઇક કિસ્સો મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ સંતરામપુર તાલુકાના પાંચમુવા ગામના ૬૫ વર્ષિય વૃધ્ધ મહિલા દર્દી બેનીબેન કાનજીભાઇ ભાભોર સાથે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આ મહિલા દર્દી બેનીબેન પોતાનો પેટમાં દુઃખાવો થતો હોવાથી બતાવવા માટે લુણાવાડા ખાતેની જનરલ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. જયાં તેઓની તપાસ કરવામાં આવતાં પ્રાથમિક તપાસમાં તેમના પેટમાં ગાંઠ હોવાનું જણાઇ આવેલ હતું. દર્દી બેનીબેન ભાભોરના પેટમાં ગાંઠ હોવાનું નિદાન થતાં તેણીની સારવાર સર્જરી વગર થઇ શકે તેમ નહોતી.

દર્દી બેનીબેન ભાભોરને આ બાબતે સમજ આપવામાં આવતાં તેણી સર્જરી માટે તૈયાર થતાં લુણાવાડા ખાતેની જનરલ હોસ્પિટલમાં દાખલ થતાં આ સર્જરી પડકારરૂપ હોવા છતાં જનરલ હોસ્પિટલના અધિક્ષક ડો. જે. કે. પટેલના માર્ગદર્શન હેઠળ ડોકટર સર્વ ડો. આરતીબા જાડેજા, શ્વેતા પટેલ, અમીત ટેઇલર તેમજ એનેસ્થેસિયા ડો. ભાવિન, ડો. ચિરાગ ડામોર અને સ્ટાફ નર્સ શર્મિલાબેન, કલ્પનાબેન અને વિનુબેન સહિતથી ટીમ આ પડકારજનક ઓપરેશન હાથ ધરીને સફળતાપૂર્વક સર્જરી કરી મહિલા દર્દીના પેટમાંથી પાંચ (૫) કિલો ૬૦૦ ગ્રામની ગાંઠ બહાર કાઢીને ૬૫ વર્ષિય વૃધ્ધાને નવજીવન બક્ષ્યું હતું.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલ જનરલ હોસ્પિટલના તબીબો દ્વારા આપવામાં આવી રહેલ નિષ્ઠાપૂર્વકની સેવાઓ અને અનેક પડકારજનક તબીબી સર્જરીઓ કરવામાં આવી રહેલ હોઇ આજે લુણાવાડાની જનરલ હોસ્પિટલ બિમાર અને ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ અને દેવદૂત સમાન બની રહી છે.

સંતરામપુર તાલુકાના પાંચમુવા ગામના ૬૫ વર્ષિય મહિલા બેનીબેન કાનજીભાઇ ભાભોરની સફળતાપૂર્વક સર્જરી પૂર્ણ કરવા બદલ અને સરકારી હોસ્પિટલમાં આપવામાં આવી રહેલ સેવા-સુવિધાઓ તેમજ ડોકટરોની ટીમની જહેમતને વૃધ્ધ મહિલા દર્દીના પુત્ર રમણભાઇ ભાભોરે બિરદાવી પોતાની માતાને નવજીવન આપવા બદલ સરકારી સેવાઓ-સુવિધાઓ પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી.

# ગોધરાના વાસાપુર ગામમાં ચુંટણીમાં વોટ નહિ આપવા બાબતે ચાર ઈસમોએ જાતિ અપમાનિત કરાતા ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના વાસાપુર ગામમાં ચુંટણીમાં અમારા ઉમેદવારને વોટ નહિ આપતા અમારો ઉમેદવાર હારી ગયો છે. તેમ કહી ચાર શખ્સોએ ગામના જ વ્યકિતને બિભત્સ શબ્દો કહી અપમાનિત કરતા ચાર શખ્સો વિરુદ્ધ ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસિટી એકટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

વાસાપુર ગામના અલ્પેશકુમાર કાળુભાઈ પરમારે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, અમારા ગામમાં ગ્રામ પંચાયતની ચુંટણીઓ યોજાઈ હતી તેમાં ગામના ચાર શખ્સ પંકજભાઈ ગોહિલ, જશવંતભાઈ ગુલાબભાઈ, રંગીતભાઈ શંકરભાઈ, કિશોરભાઈ કનકસિંહે અમારા ઘરે આવી અમને જાતિ અપમાનિત શબ્દો કહી તમે લોકોએ અમોને વોટ આપ્યા નથી જેથી અમારો ઉમેદવાર હારી ગયો તેમ કહી પથ્થર અને લાકડીઓથી મારમારી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી પંચમહાલ જિલ્લા કલેકટરના જાહેરનામાંનો ભંગ કર્યો હતો જેથી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તે માટે ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે હાલ તો ફરિયાદ નોંધી વધુ આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા પરવડી બાયપાસ જલારામ ચોકડી પાસે ઈન્દોર થી અમદાવાદ જતાં પરિવારની ગાડી પલ્ટી જતાં મહિલાનું મોત

ગોધરા,
ગોધરા દાહોદ બાયપાસ હાઈવે પાસે જલારામ ચોકડી નજીક ઈન્દોર થી અમદાવાદ સામાજિક પ્રસંગમાં જઈ રહેલા પરિવાર ની ફોર વહીલ કારને ચાલક દ્વારા સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં પરિવારજનોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. તેમજ પરિવારની એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા દવા સારવાર દરમિયાન હોસ્પિટલ ખાતે મોત નિપજવા પામ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર મધ્યપ્રદેશ રાજયના ઈન્દોર ખાતે રહેતું પાટીલ પરિવાર સામાજિક પ્રસંગ અર્થે ઈન્દોર થી અમદાવાદ પોતાની ફોર વહીલ કાર લઈ જઈ રહ્યું હતું. ત્યારે ગોધરા દાહોદ બાય પાસ હાઈવે પર જલારામ ચોકડી નજીક ફોર વ્હીલ કાર ચાલક દ્વારા સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ ગઈ હતી. જેમાં સવાર પરિવારના સભ્યોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. જ્યારે પરિવારના સભ્ય ઉષાબેન સુભાષભાઈ પાટીલને આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નિપજવા પામ્યું હતું. ત્યારે આ અંગે ગોધરા તાલુકા પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબેન સુથારનાં અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે સુશાસન દિનની ઉજવણી

ગોધરા,
ભારતના ૧૦માં વડાપ્રધાન સ્વ.અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે રાજ્યભરમાં સુશાસન દિનની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સરદાર નગરખંડ ખાતે આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, અને તબીબી શિક્ષણ રાજ્યમંત્રી નિમિષાબેન સુથારનાં અધ્યક્ષસ્થાને બપોરે ૧૪.૩૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન યોજાશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૨૫ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સમગ્ર સપ્તાહને સુશાસન સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત જિલ્લામાં પણ વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ લાભોનું વિતરણ કરશે. આવતીકાલે રાજ્યકક્ષાનો કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાશે, જેનું લાઈવ પ્રસારણ પણ ગોધરા ખાતેના કાર્યક્રમમાં કરવામાં આવશે. આ સાપ્તાહિક ઉજવણીમાં શહેરી વિકાસ અને જનકલ્યાણ, આરોગ્ય, સુખાકારી, પોષણ અને મહિલા સશક્તિકરણ, કૃષિ વિકાસ, ખેડૂત અને પશુપાલક કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા, આદિજાતિ કલ્યાણ, રોજગાર, તાલીમ અને યુવા સશકિતકરણ, પંચાયત, ગ્રામ વિકાસ અને જનકલ્યાણની થીમ પર દૈનિક ધોરણે કાર્યક્રમો અને લાભોના વિતરણનું આયોજન કરવામાં આવશે.

# એક તરફ ઓમીક્રોન બીજી તરફ ઠંડી અને હવે પ્રદુષણની ત્રીજી સમસ્યા સામે આવી

નવીદિલ્હી,
કોરોના વાયરસનો ઓમીક્રોન વેરિયન્ટ ઘણા દેશોમાં આતંક મચાવ્યાં બાદ હવે ભારતને પણ ડરાવી રહ્યો હોય એવું ભાસી રહ્યું છે. એવું લાગે છે કે ઓમિક્રોન આવે ત્યારે એકલો નથી આવતો પણ બીજી અનેક સમસ્યાઓ લઈને આવે છે. એક તરફ ઓમિક્રોન વેરિયન્ટના કેસમાં સટટ વધારો થઈ રહ્યો છે તો બીજી તરફ દિલ્હી સહિત ઉત્તરભારતમાં ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે. શુક્રવારે દિલ્હી સહિત આસપાસના વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર પણ વધી ગયું હતું.





રાજધાની દિલ્હીમાં અનેક નિર્માણ કર્યો પર નિયંત્રણ હટ્યાના ચાર જ દિવસમાં ફરી એક વાર સ્થિતિ કાબૂ બહાર જતી હોય એવું લાગી રહ્યું છે. દિલ્હીમાં એર કવોલિટી ઇંડેકસ ખતરનાક સ્તરે પહોંચી ગયો છે. એવામાં એકસપર્ટસ દ્વારા સલાહ આપવામાં આવી છે કે જ્યાં સુધી જરૂર ન હોય ત્યાં સુધી ઘરની બહાર નીકળવામાં ન આવે અને આટલી પ્રદૂષિત હવામાં ઘરથી બહાર નીકળવું હિતકર નથી.

દિલ્હીના ઘણા વિસ્તારોમાં હવાની ગુણવત્તા એકદમ ખરાબ સ્તરે પહોંચી ગઈ છે. દિલ્હીના નોઇડામાં તો હાલત જ ખરાબ થઈ ગઈ છે. નોઇડામાં પીએમ૧૦ ૫૭૦ પહોંચી ગયો હતો અને દિલ્હીમાં પીએમ ૨.૫ એ ૪૨૫ પહોંચી ગયો હતો જ્યારે આનંદ વિહારમાં એકયુઆઇ ૪૬૯ અને વિવેક વિહારમાં એકયુઆઇ ૪૬૬ નોંધવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ઘરની બહાર નીકળવું હિતકર નથી એવી સૂચના પણ જાહેર કરવામાં આવી છે. રાજધાની દિલ્હી છેલ્લા ઘણા સમયથી પ્રદૂષણનું મુખ્ય કેન્દ્ર સમાન બની ગઈ છે. છેલ્લા કેટલાક દિવસોમાં અહીં હવા વાતાવરણ અત્યંત ખરાબ શ્રેણીમાં જ છે .

આજકાલ દિલ્હીમાં ઠંડી પણ વધી રહી છે. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર દિલ્હીમાં વધુમાં વધુ તાપમાન ૨૪ ડિગ્રી સુધી પહોંચે તેવી સંભાવના છે. ત્યારે સામે ઓહામ ઓછું તાપમાન ૬ ડિગ્રી નોંધાઈ ચૂક્યું છે. દિલ્હીમાં દિવાળી આસપાસથી પ્રદૂષણના કારણે હવા અત્યંત ખરાબ સ્થિતિમાં છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં પણ અનેક વાર સુનાવણી થઈ ચૂકી છે. દિલ્હી સરકારને સુપ્રીમ દ્વારા અનેક વખત પગલાઓ લેવા માટે સૂચનાઓ પણ આપવામાં આવી છે. પગલાઓના ભાગ રૂપે સ્કૂલો બંધ કરાવવામાં આવી હટી અને કન્સ્ટ્રક્શન પણ બંધ કરવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક્ દિવસોમાં સરકારે પ્રતિબંધો હટાવી લીધા હતા. સીએમ અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં ૬૪ ઓમિક્રોન કેસો અને કોવિડ૧૯ દર્દીઓ માટે હોમ આઇસોલેશન મેનેજમેન્ટને મજબૂત કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં કેજરીવાલ સરકારે નિર્ણય લીધો છે કે દિલ્હીમાં માત્ર ૫૦ ટકા લોકો જ હોટલ, બાર, રેસ્ટોરન્ટમાં જશે. ગુરુવારે દિલ્હી સરકારની કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. દિલ્હીમાં કોરોનાનાં ૧૦૮ કેસ ગઈકાલે નોંધાયા હતા. એક સમયે દેશના સૌથી વધુ ઓમીક્રોન કેસ ધરાવતું રાજ્ય પણ દિલ્હી જ હતું. હવે તો ત્રણેય મોરચે દિલ્હીની સ્થિતિ ખરાબ થઈ ચૂકી છે. જો આઆવી જ સ્થતિ રહી તો આવનાર દિવસોમાં દિલ્હીવાસીઓ માટે દિલ્હી નર્ક સમાન બની જશે એવું કહીએ તો એમાં ખોટું કંઇ નહીં હોય!

# પંચમહાલ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા કેરળના બક્ષીપંચ મોરચાના મંત્રીની હત્યાના વિરોધમાં અધિક નિવાસી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ગોધરા,
પંચમહાલ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા જિલ્લા અધિક નિવાસી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતુ કે, ગત ૧૯ તારીખે કેરળમાં ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી રંજીત નિવાસનની SDPI ગ્રુપ દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી. કેરળમાં અવારનવાર ભાજપના નેતાઓ અને કાર્યકરોની હત્યા કરવામાં આવે છે, પરંતુ પોલીસ કે ગૃહવિભાગ દ્વારા કોઈ અસરકારક પગલાં ભરવામાં નથી આવતા, ત્યારે રંજીત નિવાસનના હત્યારાઓને તાકીદે ઝડપી પાડી તેઓને સજા કરવામાં આવે તેવી અમારી માંગણી છે. આ અગાઉ કાર્યકરો દ્વારા કેરળના સીએમ પી.વિજયનના પૂતળાં દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે કાર્યક્રમ પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો.

# હાલોલ બાસ્કાની જેમ.કેર. એપ્લાયન્સી કંપની માંથી ૪૫ હજારની મત્તાની ચોરી

હાલોલ,
હાલોલ તાલુકાની બાસ્કા ખાતે આવેલ જેમ.કેર. એપ્લાયન્સી પ્રા.લી. કંપનીના ગોડાઉન માંથી વોશીંગ મશીન, રેફ્રીજરેટર અને બોલ્ટના પેકેટની ચોરી કરી જતાં હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના બાસ્કા ખાતે આવેલ જેમકેર અપ્લાયન્સી પ્રા.લી.કંપનીના ગોડાઉનમાં રાખેલ વોશીંગ મશીન નંગ-૪ કિંમત ૩૬,૦૦૦/-રૂપીયા, રેફ્રીજરેટર નંગ-૧ કિંમત ૯,૫૦૦/-રૂપીયા મળી ૪૫,૫૦૦/-રૂપીયા તેમજ બોલ્ટની ૫ પેકેટની કોઇ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી જતાં આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# રાજીવ ગાંધી હત્યાકાંડ: ૧ મહિનાના પેરોલ પર બહાર નીકળી નલિની શ્રીહરન

નવી દિલ્હી,
પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યાકાંડમાં ૨ દશકા કરતાં પણ વધારે સમયથી ઉમરકેદની સજા કાપી રહેલી નલિની શ્રીહરનને રાજ્ય સરકાર દ્વારા મોટી રાહત આપવામાં આવી છે. તમિલનાડુ સરકારે શ્રીહરનની બીમાર માતાની અરજી પર એક મહિનાની પેરોલ આપવાનો નિર્ણય લીધો છે. પ્રદેશ સરકારે ગુરૂવારે મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયને આ જાણકારી આપી હતી. તમિલનાડુ સરકારે ગત વર્ષે ફેબ્રુઆરી મહિનામાં મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયને સૂચના આપી હતી કે, રાજ્યએ રાજ્યપાલને રાજીવ ગાંધી હત્યાકાંડના તમામ ૭ દોષીઓને મુક્ત કરવાની



ભલામણ કરી હતી.

આ કેસમાં નલિની ઉપરાંત ૬ લોકો દોષી ઠેરવાયા હતા. દોષી લોકોમાં તેના પિતા મુરૂગન, સુથિનથિરા રાજા ઉર્ફે સંથાન, એજી પેરારીવલન, રોબર્ટ પાયસ, જયકુમાર અને રવિચંદ્રનનો સમાવેશ થાય છે. દોષિતો પૈકીના ૪ શ્રીહરન, સંથાન, રોબર્ટ પાયસ અને જયકુમાર શ્રીલંકાના નાગરિક છે.

નલિની અને અન્ય એક દોષીને વેલ્લોર ખાતે મહિલાઓના સ્પેશિયલ સેલમાં રાખવામાં આવ્યા છે. નલિનીએ એક વખત જેલમાં આત્મહત્યા કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો પરંતુ તેની સાથીએ તેને આત્મહત્યા કરતા જોઈ લીધી હતી અને જેલરને જાણ કરી હતી. ટાડા કોર્ટે ૨૧ મે, ૧૯૯૧ના રોજ રાજીવ ગાંધીની હત્યામાં નલિની અને અન્ય લોકોની ભૂમિકા માટે દોષી માનીને સૌને મોતની સજા સંભળાવી હતી પરંતુ બાદમાં તેને આજીવન કારાવાસમાં ફેરવી દેવામાં આવી હતી.

# ગોધરા માર્કેટીંગયાર્ડ ભાટીયા સોસાયટીના બંધ મકાન માંથી ચાંદીની મૂર્તિ અને રોકડની ચોરી

ગોધરા,
ગોધરા શહેરના માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં આવેલી ભાટિયા સોસાયટીમાં નિવૃત તાલુકા વિકાસ અધિકારીના બંધ મકાનમાં તસ્કરોએ હાથ અજમાવતા ચાંદીની મૂર્તિઓ,ઘરેણાં ની ચોરી કરતા મકાન માલીક દ્વારા ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ગોધરા શહેરના માર્કેટિંગ યાર્ડ વિસ્તારમાં આવેલી ભાટિયા સોસાયટીના રહીશ નિવૃત તાલુકા વિકાસ અધિકારી ઈન્દ્રવદન ભાટિયાના બંધ મકાનમાં અજાણ્યા તસ્કરોએ હાથ ફેરો કરતા તેઓના ઘરમાં પ્રવેશ કરી દેવ પૂજાના સ્થાનેથી ભગવાનની ચાંદીની મૂર્તિઓ, ઘરેણાં અને રોકડ રૂ.૧૦૦૦ ની ચોરી કરી નાસી ગયા હતા.જેથી મકાન માલીક ને ચોરી અંગેની જાણ થતાં તેઓએ અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા માટે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ ફરિયાદ નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરા તાલુકાના ધામણોદ ગામની જમીન પચાવી પાડતા ચાર ઈસમો સામે લેન્ડગ્રેબિંગ એકટ હેઠળ ફરિયાદ

ગોધરા,
શહેરા તાલુકાના ધામણોદ ગામના નારસિંગભાઈ ગજાભાઈ બારીયાની વડીલોપાર્જીત જમીનમાં રાયજીભાઈ બાપુભાઈ, ગણપતભાઈ રયજીભાઈ, હરીશભાઈ રાયજીભાઈ તમામ પરમારનાઓ વર્ષ-૨૦૧૩થી જમીનનો કબ્જો જમાવીને ખેતી કરતા હતા. નારસીંગભાઈ જમીનના કાયદેસરના માલિક હોવા છતાં ગેરકાયદેસર રીતે જમીનનો કબ્જો કર્યો હતો. આ બાબતે શહેરા કોર્ટે મનાઈ હુકમ ફરમાવેલ છતાં ચાર ઈસમોએ નિયમોનુ ઉલ્લંઘન કરતા લેન્ડગ્રેબિંગ એકટ હેઠળ ચાર સામે શહેરા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ગુજરાતમાંથી ચાલુ વર્ષે રેકોર્ડબ્રેક ૧૬૧૭ કરોડનું ડ્રગ્ઝ પકડાયુ

અમદાવાદ,
૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો ધરાવતુ ગુજરાત આંતરરાષ્ટ્રીય ડ્રગ માફીયાઓનો અડ્ડો બની ગયુ હોય તેમ એક જ વર્ષમાં રેકોર્ડબ્રેક ૧૬૧૭ કરોડના માદક દ્રવ્યો પકડાયા છે. સતાવાર આંકડાકીય રીપોર્ટ પ્રમાણે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૬૭૩૦૪ કિલો માદક દ્રવ્યો પકડાયા છે તે ગત વર્ષની સરખામણીએ ૮૦૦ ગણા વધુ છે.

## બે વર્ષમાં ગુજરાતમાંથી કેટલું ડ્રગ્ઝ પકડાયુ?

: ૨૦૨૧ :

★ માદક દ્રવ્ય - કેસ - આરોપી - જપ્ત જથ્થો - રકમ
★ હેરોઈન - ૮ - ૩૫ - ૩૧૩ - કિલો - ૧૫૬૨ કરોડ.
★ સિન્થેટીક ડ્રગ્ઝ - ૧૦૨ - ૧૭૫ - ૨૭૪૬ કિલો - ૩૫ કરોડ.
★ ગાંજો - ૩૦૧ - ૪૨૫ - ૬૩૩૯ કિલો - ૧૬.૫૪ કરોડ.
★ ચરસ - ૧૯ - ૩૪ - ૮૫ કિલો - ૧.૪૬ કરોડ.
★ અફીણ - ૨૦ - ૨૭ - ૭૬૪ કિલો - ૮૩.૪૯ લાખ.
★ કુલ - ૪૫૦ - ૬૯૬ - ૬૭૩૦૬ કિલો - ૧૬૧૭ કરોડ.

: ૨૦૨૦ :

★ હેરોઈન - ૫ - ૧૪ - ૩૬ - ૧૭૬ કરોડ.
★ સિન્થેટીકડ્રગ્ઝ - ૪૮ - ૪૮૬ - ૪૫૭૦ - ૭.૫૫ કરોડ.
★ ગાંજો - ૨૨૦ - ૩૦૪ - ૬૬૫૯ કિલો - ૬ કરોડ.
★ ચરસ - ૧૭ - ૨૩ - ૨૬૭ કિલો - ૫ કરોડ.
★ અફીણ - ૨૦ - ૨૬ - ૯૨૭ કિલો - ૬૭ લાખ.

ગત વર્ષે ૨૦૨૦માં ૧૯૫ કરોડની કિંમતનું ૧૨૪૫૮ કરોડનું ડ્રગ્ઝ પકડાયું હતું. ચાલુ વર્ષે પકડાયેલા વિવિધ માદક દ્રવ્યોમાં હેરોઈન, ચરસ, અફીણ, ગાંજો ઉપરાંત સિન્થેટીકસ ડ્રગ્ઝનો સમાવેશ થાય છે. ગત સપ્ટેમ્બરમાં મુંદ્રા પોર્ટથી પકડાયેલો ૩૦૦૦૦ કિલો હેરોઈનનો જથ્થો સમગ્ર દેશમાં સૌથી મોટો છે.

પોલીસ અધિકારીઓના સૂત્રોના કહેવા પ્રમાણે ગુજરાતનો લાંબો દરિયાકાંઠો ડ્રગ્ઝ માફીયાઓ માટે આશિર્વાદરૂપ બને છે અને ત્યાંથી પંજાબ પહોંચાડી દેવાય છે. જો કે, હવે ગુજરાત તથા પાડોશી મહારાષ્ટ્રમાં ડ્રગ્ઝની સપ્લાય વધી છે. આ સિવાય અફઘાનીસ્તાનમાં તાલીબાન શાસન આવ્યા બાદ ડ્રગ્ઝ માફીયાઓએ ફટાફટ સ્ટોક ખાલી કરવાનું શરુ કર્યુ હતું. આ કારણે પણ મોટીમાત્રામાં ડ્રગ્ઝ પકડાયુ છે. ઓગષ્ટમાં તાલીબાનનું રાજ આવ્યા બાદ મુંદ્રા ઉપરાંત એટીએસ દ્વારા મધદરિયે બે ઓપરેશન પાર પાડીને એકમાં ૩૫ કિલો તથા એકમાં ૭૭ કિલો હેરોઈન પકડયુ હતું. ઉપરાંત મોરબી નજીકથી ૧૪૬ કિલો ડ્રગ્ઝ પકડયુ હતું.

આ તમામ માલ અફઘાનીસ્તાનથી જ આવ્યો હતો. અફઘાન, પાકિસ્તાન તથા ઈરાન જેવા દેશોના ડ્રગ્ઝ માફીયાઓની સંડોવણી ખુલી છે.સુરક્ષા એજન્સીના એક સીનીયર અધિકારીએ કહ્યું કે ભૂતકાળમાં ગુજરાતનો દરિયાઈ વિસ્તાર 'ટ્રાન્ઝીટ પોઈન્ટ' તરીકે ગણના પામતો હતો. હવે રાજયમાં જ ડ્રગ્ઝનું સેવન ઘણુ વધી ગયું છે. કુરીયર મારફત અમેરિકા-કેનેડાથી ડ્રગ્ઝ મંગાવવાના પેકેટનો ભાંડો ફુટયો જ હતો. ખંભાળીયા-સલાયા જેવા નાના શહેરોમાંથી પણ માદક પદાર્થો પકડાયા હતા તેના આધારે ગ્રામ્ય ભાગોમાં પણ ડ્રગ્ઝનું સેવન થતુ હોવાની શંકા દ્રઢ બને છે.

# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પ્રજાસત્તા દિવસની ઉજવણીનાં ભાગ રૂપે દાહોદ જીલ્લામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગોધરા,
આઝાદીના અમૃત મહોત્સવનાં ભાગરૂપે નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન, દાહોદ દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણ પર વકૃત્વસ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિભાગીઓએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન, દાહોદના જીલ્લા યુવા અધિકારી અજીત જૈન તથા મુખ્ય મહેમાન તરીકે સીનીયર સાયન્ટીસ કાચા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જીલ્લા પ્રાંત યુવા અધિકારી જીગ્નેશ ડાભી, રાધારાની કે.વી.કે, સુરભી મહાજન હાજર રહ્યા હતા. વકૃત્વસ્પર્ધા વિજેતા તરીકે પ્રથમ નંબર રોજીયા તેજસ્વીની, દ્વિતીય નંબર રાજવી કડિયા અને તૃતીય નંબર ઉજવલા ચોબેનો આવ્યો હતો. જીલ્લામાં પ્રથાન રહેલ વિજેતા દ્વારા ગુજરાત કક્ષામાં પ્રતિભાગ કરવાનો અવસર મળશે. કાર્યક્રમ બદલ જીલ્લા યુવા અધિકારીએ તમામ પ્રતિભાગીઓને અભિનંદન પાઠવામાં આવ્યા હતા.

# હાલોલના ધનકુવા ચોકડી પાસે બે બાઈક વચ્ચે થયેલ અકસ્માતમાં એકનુ મોત

હાલોલ,
હાલોલ તાલુકાના નવાપુરા ગામે રહેતા ૨૭ વર્ષિય પરિણિત યુવાન દિપકભાઈ લક્ષ્મણભાઈ બારીયા હાલોલ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. જેઓ સાંજના સમયે પોતાના ઘરેથી કથોલા ગામે દુધ ડેરી પર દુધ ભરવા માટે પોતાની મોટરસાયકલ લઈને જઈ રહ્યા હતા તે દરમિયાન ધનકુવા ચોકડી નજીક કથોલા ગામ તરફ જવાના વળાંક પર અન્ય ચાલકે મોટરસાયકલને બેફામ અને પુરઝડપે હંકારી લાવી દિપકભાઈની મોટરસાયકલને ટક્કર મારતા દિપકભાઈ મોટરસાયકલ સહિત રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ મોત નીપજ્યું હતુ. જ્યારે સામેની મોટરસાયકલનો ચાલક પણ અકસ્માતમાં પોતાની મોટરસાયકલ સહિત રોડ પછડાતા ઈજાઓ પહોંચતા હાલોલની રેફરલ હોસ્પિટલમાં લવાયા હતા. મૃતક દિપકભાઈના મૃતદેહનુ હાલોલની રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરી પરિવારજનોને સુપરત કરાયો હતો. જયારે બનાવ અંગે પાવાગઢ પોલીસ મથકે અજાણ્યા મોટરસાયકલ સામે ફરિયાદ નોંધાતા પોલીસે આગળ તપાસ હાથ ધરી હતી.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીના સંપર્કથી લાભ થશે, વ્યવસાયમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સરકારી કામમાં સફળતા મળશે, કરેલા કાર્યો ફળદાઈ બનશે, નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે, ઈષ્ટમીત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક : (ડ.હ.), ધન માનનો વ્યય જણાશે, નોકરીમાં પરેશાની રહેશે, માનસિક તણાવ જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં સફળતા મળશે, ધંધામાં નવી તકો મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે, પારિવારિક સબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાના કામમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, નવા સબંધોમાં નિરાશા જણાશે, નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે, સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલીત જણાશે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આજે ભાગ્ય અનુકુળ જણાય છે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે, વિકાસના કાર્યોમાં ગતી આવશે, દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદવિવાદના કામથી બચવુ, આર્થિક સ્થિતીમા મધ્યમ સુધારો જણાય છે, ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામની સફળતામાં ખુશી અનુભવશો, નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે, સ્વજનોનો સહયોગ મળશે, ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ) : માનસિક તણાવ જણાશે, કામમાં મધ્યમ સફળતા મળશે, વિરોધીઓથી સાવધાન રહેવુ, ખર્ચ બાબતે સંભાળવુ.

# દે.બારિયાના અસાયડી ગ્રામ પંચાયતના સરપંચપદ ઉમેદવાર દ્વારા ચુંટણી રદ કરવાની માંગ સાથે દે.બારિયા નાયબ કલેક્ટરને લેખીત રજુઆત

દાહોદ, દેવગઢ બારિયા તાલુકામાં સામાન્ય સ્વરાજની ચુંટણીઓ યોજાઇ હતી. તે દરમિયાન દેવગઢ બારિયા તાલુકાના અસાયડી ગ્રામ પંચાયતની પણ ચુંટણી યોજાઇ હતી. જેનું મતદાન તા.૧૯/૧૨/૨૦૨૧ના રોજ યોજાયેલ તે અસાયડી ગામે આવેલ મહાદેવ મંદિર ભુત ફળીયા પ્રાથમિક શાળામાં રાખવામાં આવેલ જેનો બુથ નંબર ૨ ઉપર ચાલી રહેલ મતદાન પ્રક્રિયા તે સમયે આજુબાજુના લોકોના ટોળામાં ભેગા જઇ કીકીયારીયો કરતાં લોકોમાં ભયનો માહોલ ઉભો કરવામાં આવેલ ત્યારે સરપંચપદના ઉમેદવારો કે (૧) જીગ્નેશકુમાર ગુરૂદત જયસ્વાલ (૨) સરદારભાઇ નાથુંભાઇ બારીયા દ્વારા તેમના મોબાઇલ ફોનથી પીપલોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. મકવાણાને જાણ કરતાં તાત્કાલિક પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોચ્યા તે દરમિયાન લોકોના ટોળાને વિખેરવા પોલીસે લાઠી ચાર્જ કરવાની ફરજ પડી હતી. તે સમયે લોક ટોળાના માણસો દ્વારા પથ્થર મારો ચાલું કરેલ જેમાં એક પોલીસ જવાનને પથ્થર વાગી જતાં ઇજા પહોચાડેલ તે સમયે અફરાતફરીનો માહોલ બનાવી તે સમયે મતદાન મથક પરથી ચોકડીવાળુ (સાથીયો) નિશાનનો સિક્કો ખોવાઈ ગયેલાનું પ્રિસાઇડીંગ ઓફિસર દ્વારા મતદારોને જણાવવામાં આવેલ કે અંગુઠાનું નિશાન મારી દો તેમ જણાવવામાં આવેલ તો મતદારોએ પોતાના અંગુઠાના નિશાન મારી મતદાન કરવાની ફરજ પડી હતી. તો પ્રિસાઇડીંગ ઓફિસર દ્વારા સિક્કાની વ્યવસ્થા કરવામાં કેમ ના આવી અને તે તો તેમની જ જવાબદારી કહેવાય તેમ છતાં પ્રિસાઇડીંગ ઓફસરની આટલી બધી બેદરકારી ચલાવવામાં આવી તે કેમ? કે પછી કોઇના દબાણમાં આવીને તેઓ દ્વારા આ રીતે આદેશ કરવામાં આવ્યો તે એક ચર્ચાનો વિષય બન્યો છે અને ત્યાર બાદ એટલે કે તા. ૨૧/૧૨/૨૦૨૧ના રોજ દેવગઢબારિયા મોર્ડન સ્કુલ ખાતે મત ગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી તે મત ગણતરી દરમિયાન દેવગઢબારિયાના વિસ્તરણ અધિકારીને ચુંટણી અધિકારી તરીકે કાઉન્ટીગંમાં જવાબદારી સંભાળેલ તે સમયે મોટીઝરી, રેબારીના મત પેટીમાંથી અંગુઠાના નિશાન વાળા વોટ નિકળેલ હતા. તે મત વેલીટ ગણી લેવામાં આવ્યા અને અસાયડી ગામના બુથ નંબર ૨ પરથી અંગુઠાના નિશાનવાળા મત નિકળતાં વેલીટ ગણવામાં નહિ આવતાં અમારી સામે હરીફ ઉમેદવારને વિજય જાહેર કરવામાં આવેલ તે એક રીતે અમારા સાથે અન્યાય કરવામાં આવેલ હોય જેથી આપ સાહેબ સમક્ષ લેખીત રજુઆત કરીએ છીએ કે અસાયડી ગ્રામ પંચાયતની ચુંટણી રદ કરવી અથવા અંગુઠાના નિશાનવાળા મતને ગણતરીમાં લેવા જે યોગ્ય લાગે તે બાબતે દેવગઢબારિયા નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારીને લેખીત રજુઆત કરવામાં આવી.

# ગરબાડાના ગુલબાર ગામમાં ચુંટણીમાં મત ન આપવા બાબતે થયેલ મારામારીમાં પથ્થર મારતા યુવાનનું મોત



ગરબાડા, ગુલબાર ગામે રહેતા કમલેશભાઈ મંડોડ, નરેશભાઈ, રાકેશભાઈ, રસીકભાઈ, કાંતિભાઈ, શાંતિયાભાઈ, સુરેશભાઈ, પરેશભાઈ તમામ જાતે મંડોડનાઓ પોતાની સાથે હાથમાં પથ્થર લઈ ગુલબાર ગામે રહેતા મહેશભાઈ શંકરભાઈ મેડાના ઘર તરફ આવ્યા હતા અને કિકિયારીઓ કરી હાથમાં મારક હથિયારો તેમજ પથ્થરો લઈ બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે સરપંચ પદના ઉમેદવાર છત્રસિંહ મંડોડને કેમ વોટ આપેલ નથી તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ મહેશભાઈ તથા તેમની સાથેના માણસો ઉપર ભારે પથ્થરમારો કર્યો હતો. અને આ દરમિયાન રાકેશભાઈ શંકરભાઈ મેડા ઉપર ભારે પથ્થરમારો કરતા તેઓને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેને પગલે તેઓને તાત્કાલિક દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન તેમનુ મોત નીપજયું હતુ. ઘટનાને પગલે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો દોડી આવ્યો હતો અને આ દરમિયાન મૃતકના પરિવારજનોએ આરોપીઓને જયાં સુધી નહિ પકડો ત્યાં સુધી લાશ નહિ ઉઠાવીએ એવી રજુઆત કરતા પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોને ભારે સમજાવટ બાદ આખરે પરિવારજનો દ્વારા મૃતક રાકેશભાઈના મૃતદેહને લઈ રવાના થયા હતા. સમગ્ર મામલે મહેશભાઈ શંકરભાઈ મેડા દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ચૂંટણીને લઈને ગરબાડા તાલુકાના ગુલબાર ગામે એક વ્યક્તિની હત્યા થઈ હતી. ઘટના બનતા ગુલબાર ગામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. તો બીજી તરફ મોટાભાગના લોકો પલાયન થઈ ગયા હતા. માત્ર મહિલાઓ અને બાળકો ગામમાં રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું હતું. ગામ આખેઆખું ખાલી થઈ ગયો હોવાની પણ ભારે ચર્ચાએ જોર પકડયું હતું. ત્યારે બીજી તરફ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે ગુલબાર ગામમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. ત્યારે બનાવને પગલે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે પણ પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો અને લોકોની ભારે ભીડ પણ જોવા મળી હતી. આવનાર સમયમાં આ ઘટનાના પડઘા ગામમાં લેવા પડશે તે તો આવનાર સમય જ કહેશે.

# નાયબ વન સંરક્ષક, વન વિભાગ, બારીયાના આર.એમ. પરમારને ભારત સરકાર દ્વારા IFS તરીકે પ્રમોશન આપવામાં આવતા પરિવારજનો સહિત સમાજમાં ખુશીનો માહોલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લાના બાવકા ગામના મૂળકા ફળિયાના વતની રમેશભાઈ એમ.પરમાર ૧૯૯૧માં વન વિભાગમાં આર.એફ.ઓ. તરીકે નિમણૂંક થઈ હતી. આર.એફ.ઓ.ની બે વર્ષ ની ટ્રેનિંગ જી.એફ.આર.સી કોલેજ, રાજપીપલા ખાતે પુરી કરી વડોદરા સામાજિક વનીકરણ વિભાગની શિનોર રેજમાં આર.એફ.ઓ. તરીકે પ્રથમ પોસ્ટિંગ થયું. ત્યારબાદ લુણાવાડા, શહેરા, બારીયા, સાગટાળા, ગરબાડા, રામપુરા, લીમખેડા, કંજેટા, દાહોદ વગેરે રેન્જોમાં ફરજ બજાવી ૨૦૧૧માં મદદનીશ વન સંરક્ષક તરીકે પ્રમોશન મળ્યું. દાહોદ, ગોધરા ડિવિઝનમાં ફરજ બજાવી ત્યાર બાદ ૨૦૧૭ માં નાયબ વન સરક્ષક (ડી.એફ.ઓ)તરીકે પ્રમોશન મળ્યું. લુણાવાડા, દાહોદ ડિવિઝનમાં પણ ફરજ બજાવી હતી. હાલમાં તેઓ દાહોદ જિલ્લામાં ડી.એફ.ઓ. તરીકે કાર્યરત હતા અને તા ૨૨.૧૨.૨૧ના રોજ ભારત સરકાર દ્વારા IFS તરીકે પ્રમોશન આપવામાં આવ્યું .આર. એમ.પરમાર દાહોદ પટેલિયા,આદિવાસી સમાજ માંથી પ્રથમ IFS અધિકારી બની પટેલિયા સમાજ અને દાહોદ જિલ્લાનું ગૌરવ વધારતા પરિવારજનો સહિત સમાજ અને પરિચિત લોકોએ તેમને શુભકામનાઓ આપી હતી. હાલમાં જ તેઓ દ્વારા થોડા દિવસો પહેલા બનેલી એક ઘટનામાં પ્રશંસનીય કામગીરી કરી હતી. જેમાં સાગટાળાના જંગલમાં ઢોર ચરાવવા ગયેલ સંજલીબેનનું વન્યપ્રાણી દ્વારા હુમલો કરાતા ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે મુત્યુ થયેલ, જે ઘટનામાં મૃતકના પતિને આમલી પાની છોતરા ગામે રૂપિયા ચાર લાખની સહાય નો ચેક ગણતરીના દિવસોમાં જ તેમના ઘરે જઈને આપવામાં આવ્યો હતો.

# ફતેપુરાના સુખસર ગામે જમીન બાબતે તકરારમાં પાંચ વ્યકિતઓને ઈજાઓ

દાહોદ, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સુખસર નગરમાં જમીન સંબંધી મામલે બે પક્ષો વચ્ચે છુટા હાથની તેમજ હથિયારો વડે સામસામે મારામારી અને ભારે ધિંગાણું મચાવતાં ૫ જેટલા વ્યકિતઓને ઈજાઓ પહોંચતાં આ મામલે બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે. ફતેપુરા તાલુતાના નાનાબોરીદા ગામે રહેતાં સરદારભાઈ સકનાભાઈ મછાર દ્વારા નોંધાવેલ ફળિયામાં જણાવ્યાં અનુસાર, ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ નાનાબોરીદા ગામે રહેતાં ધીરૂભાઈ તેજાભાઈ, પારસીંગભાઈ તેજાભાઈ અને તેરસીંગભાઈ તેજાભાઈ ત્રણેય જાતે મછારનાઓએ સુખસર ગામે આવ્યાં હતાં અને તે સમયે ત્યાં હાજર સરદારભાઈ તથા તેમની સાથેના માણસોને બેફામ ગાળો બોલી બુમાબુમ કરી કહેવા લાગેલ કે, તમો કેમ ખરાબાની જમીન અમોને નહીં આપો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ભરતભાઈ, કલ્પેશભાઈ અને જીજ્ઞેશભાઈને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાતાં આ સંબંધે સરદારભાઈ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જયારે સામાપક્ષેથી નાનાબોરીદા ગામે મછાર ફળિયામાં રહેતાં મડીબેન ધીરૂભાઈ મછાર દ્વારા નોંધાવેલ ફળિયામાં જણાવ્યાં અનુસાર, ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ તેમના ગામમાં રહેતાં ભરતભાઈ સરદારભાઈ, કલ્પેશભાઈ વરસીંગભાઈ, જીજ્ઞેશભાઈ સુરસીંગભાઈ ત્રણેય જાતે મછારનાઓએ સુખસર ગામે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોને ખરાબાની જમીન જોઈએ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને કુહાડી વડે ધીરૂભાઈના કપાળે મારી લોહીલુહાણ કરી નાખી તેમજ પારસીંગભાઈ અને તેરસીંગભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે મડીબેન ધીરૂભાઈ મછારે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુખસર પોલીસે બંન્ને પક્ષોની સામસામે પોલીસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના માંડવ ગામે ચુંટણીની અદાવતે પાંચ ઈસમોએ મહિલા સહિત ત્રણને મારમાર્યો

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના માંડવ ગામે ગ્રામ પંચાયતની ચુંટણી સંબંધે પાંચ જેટલા ઈસમોએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી એક મહિલા સહિત ત્રણ જણાને માર મારી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૨મી ડિસેમ્બરના રોજ માંડવ ગામે રહેતાં મેહુલભાઈ રમેશભાઈ તડવી, વીનેશભાઈ પંચાભાઈ તડવી, નરવતભાઈ મલસીંગભાઈ માલીવાડ, સંજયભાઈ ચંપાભાઈ તડવી અને ચંપાભાઈ વરસીંગભાઈ તડવીએ પોતાના ગામમાં રહેતાં સંજયભાઈ નગરીયાભાઈ તડવીના ઘરે લાકડીઓ, લોખંડની પાઈપ લઈ ધસી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોએ અમોને વોટ કેમ નથી આપેલ, તમારા લીધે અમો હારી ગયાં છીએ, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાવેલ લાકડી અને લોખંડની પાઈપ વડે અર્જુનભાઈ અભેસીંગભાઈ તડવી, નગરીયાભાઈ જીથરાભાઈ તડવી અને ચંપાબેનને માર મારી શરીરે ઈજાઓ પહોંચી લોહીલુહાણ કરી નાંખી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે સંજયભાઈ નગરીયાભાઈ તડવીએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના રૂપાખેડા ગામના ચુંટાયેલા સરપંચ ને માજી ધારાસભ્ય એ અભિવાદન કર્યું

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગામ ખાતે પૂર્વ ધારાસભ્ય મહેશભાઇ ભુરીયા દ્વારા તમામ ગ્રામપંચાયતનાં નવનિયુક્ત સરપંચો અનેસભ્યો અને ગ્રામજનોનો અભિવાદન કર્યું અને ફૂલ હાર અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

જેમાં સમરસ ગ્રામ પંચાયત રૂપાખેડા ખાતે પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા લલીતભાઈ ભુરીયા કૃષ્ણરાજ ભુરીયા જિલ્લા પંચાયત મહિલા અને બાળવિકાસ ચેરમેન પીનલબેન કૃષ્ણરાજ ભુરીયા તાલુકા પંચાયત પ્રમુખ રમેશભાઇ ભાભોર ઉપપ્રમુખ અનિતાબેન મછાર અનેક આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં નવનિયુક્ત સરપંચો અને તાલુકા પંચાયત સભ્યો જિલ્લા પંચાયત સભ્યો ઝાલોદ તાલુકાના તમામ પત્રકારમિત્રો અને ગ્રામજનોને ફૂલહાર અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું અને તમામ ગ્રામ પંચાયતના સરપંચોને વિકાસના કામોને આગળ વધારવા માટે માર્ગદર્શન આપ્યું અને બધાને સાથે લઈને વિકાસના કામો કરવાની માહિતી અને પ્રેરણા આપતા ઝાલોદ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# રાષ્ટ્રીય ગ્રાહક દિન નિમિત્તે ગ્રાહક જાગૃતિ રેલી યોજવામાં આવી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક દિન તા.૨૪ ડિસેમ્બર નારોજ દર વર્ષે ઉજવવામાં આવે છે. આ વર્ષે ભારતભરમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" પણ ચાલી રહ્યો છે. ત્યારે ગ્રાહકોમાં જાગૃતિ ફેલાવવાના આશયથી, દાહોદ શહેરના મુખ્યમાર્ગો પર જી.પી.ધાનકા માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિક શાળા દાહોદ તરફથી ગ્રાહક સુરક્ષા જાગૃતિ રેલીમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આજરોજ નીકળેલી રેલીનું પ્રસ્થાન ડી.કે.પટેલ-તોલમાપ ઈન્સ્પેક્ટર દાહોદ, ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના પ્રમુખ ગોપાલભાઈ ધાનકા, શાળાના આચાર્ય અરવિંદભાઈ હાડા, દેવેન્દ્રભાઈ પરમાર, ગુર્જર ભારતી બી.એડ કોલેજના આચાર્ય ડો. જીતેન્દ્ર પંચાલ, ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રી સાબીરભાઈ શેખ, કાર્યાલય મંત્રી લક્ષ્મણભાઈ તેમજ આ શાળાના કર્મચારીઓ જોડાયા હતા. રેલીમાં ગ્રાહક જાગૃતિના સ્લોગન સાથે દાહોદ શહેરમાં મુખ્ય માર્ગ પર ગ્રાહક જાગૃતિનો પ્રયાસ કરેલ હતો. આમ, ગ્રાહક જાગૃતિ સપ્તાહ આજના દિવસે દાહોદ શહેરમાં રેલી યોજી, પ્રચાર-પ્રસારના હેન્ડબિલ વિતરણ કરવામાં હતા.

ફતેપુરા તાલુકાના સુખસર ગામના વતની અને હાલ અમદાવાદની GLS કોલેજ માં બી.બી.એ. માં અભ્યાસ કરતા ઓમ કલ્પેશ કુમાર પંચાલની નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડીયામાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે વરણી થતાં દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે તથા ઉત્તરોતર પ્રગતિની શુભકામનાઓ પાઠવે છે.



# લીમખેડાના ઉસરા ગામે જમીન પચાવી પાડવા બાબતે ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ઉસરા ગામે એક વ્યક્તિની માલિકીની જમીન પચાવી પાડતાં આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ઉસરા ગામે સ્ટેશન ફળિયામાં રહેતાં ધુળીયાભાઈ રાજીયાભાઈ મુણીયાની પોતાના ગામમાં આવેલ પોતાની માલિકીની જમીનમાં તેમના ગામમાં રહેતાં રૂપાભાઈ નાથીયાભાઈ ડામોરે જમીન પચાવી પાડતાં આ સંબંધે લીમખેડા પોલીસ મથકે ધુળીયાભાઈ રાજીયાભાઈ મુણીયા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, તારીખ ૩૦.૦૯.૨૦૧૬ થી આ મામલો જે તે સમયે બીચક્યો હતો અને રૂપાભાઈ દ્વારા ધુળીયાભાઈની જમીનમાં ખેડાણ કરવા દેતાં ન હતો અને જમીન સોંપી દેવામાં અવાર નવાર માંગણી કરતાં હતા પરંતુ જમીન ન સોંપતા આખરે પોલીસનો સહારો લેવો પડ્યો હતો.

# લીમખેડા મૌનીબાબા આશ્રમ પાસે ખાનગી લકઝરી પલ્ટી જતાં ચાર મુસાફરોને ગંભીર ઈજાઓ અન્ય મુસાફરો સલામત



દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં ગત મોડીરાત્રીના સમયે એક પેસેન્જર ભરેલ મધ્યપ્રદેશની ખાનગી પેસેન્જર બસ અકસ્માતે પલ્ટી ખાઈ જતાં અંદર સવાર ૩૦ થી ૩૫ મુસાફરો પૈકી ત્રણ થી ચાર પેસેન્જરોને શરીરે ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. અકસ્માત સર્જાતાં સ્થાનીકો ઘટના સ્થળે દોડી ગયાં હતાં અને મુસાફરોને બહાર કાઢવાની કામગીરી શરૂં કરી હતી.

ગતરોજ મધ્યરાત્રીના સમયે લીમખેડા સર્કીટ હાઉસ નજીક ખાનગી બસ પલ્ટી ખાઈ ગઈ હતી. જાણવા મળ્યાં અનુસાર, મધ્યપ્રદેશના જોબટથી રાજકોટ જતી ખાનગી પેસેન્જર ભરેલ બસના ચાલકનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં માર્ગ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતાં ઘટના સ્થળે સ્થાનીક લોકો દોડી આવ્યાં હતાં. સ્થાનીકો દ્વારા ગાડીના કાચ તોડી અંદરથી ઈજાગ્રસ્ત પેસેન્જરો સહિત અન્ય પેસેન્જરોને બહાર કાઢવાની કામગીરી આરંભી હતી. ત્રણ થી ચાર પેસેન્જરોને શરીરે તેમજ માથાના ભાગે ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં. એકક્ષણે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયાં હતાં. સદ્નસીબેન કોઈ જાનહાની ન થતાં લોકોએ હાશકોરો અનુભવ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર પહોંચી ગયેલ પોલીસે ઘટનાને સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદના ધાવડીયા ગામે બાઈક ચાલકે રાહદારી યુવકને અડફેટમાં લેતા ગંભીર ઈજાઓ થતાં મોત

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી રસ્તે ચાલતાં પસાર થઈ રહેલ ૨૦ વર્ષીય યુવકને અડફેટમાં લેતાં યુવકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમ્યાન મોત નીપજયાંનું જાણવા મળે છે.

ગત તા.૨૧મી ડિસમ્બરના રોજ ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે ડિંડોર ફળિયામાં રહેતો જીજ્ઞેશભાઈ રામસીંગભાઈ ડીંડોર પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ધાવડીયા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ખરસાણા ગામે ડીંડોર ફળિયામાં રહેતાં ૨૦ વર્ષીય વિકાસભાઈને અડફેટમાં લેતાં વિકાસભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિકા નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જયાં વિકાસભાઈનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે ખરસાણા ગામે ડિંડોર ફળિયામાં રહેતાં શાંતીલાલ સમસુભાઈ ડિંડોર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં તા. ૨૬ ડિસેમ્બરે યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભે પ્રતિબંધાત્મક આદેશો મુકાયા

દાહોદ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ ૧ અને વર્ગ-૨, ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની જગ્યાઓ માટે પ્રાથમિક પરીક્ષા આગામી તારીખ ૨૬ ડિસેમ્બરના રોજ સવારે ૧૦ થી ૧ તેમજ બપોરે ૩ થી ૬ દરમિયાન દાહોદ જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાશે. આ પરીક્ષા સંદર્ભે કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાયએ માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.બી.પાંડોરે કેટલાક પ્રતિબંધાત્મક આદેશો કર્યા છે. આ જાહેરનામા મુજબ પરીક્ષા કેન્દ્રના વિસ્તારોમાં તેમ જ પરીક્ષા કેન્દ્રની સો મીટરની ત્રિજ્યામાં ઝેરોક્ષ, કોપીયર મશીન પણ ઉક્ત સમય દરમિયાન બંધ રાખવાના રહેશે. વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર ખાતે મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, ડિજિટલ ઘડિયાળ જેવા ઈલેક્ટ્રીક સાધન લાવી શકશે નહિ. આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

# દે.બારીઆ તાલુકાની યુવતી ઉપર દુષ્કર્મ અને ચપ્પાનો ઘા ઝીંકનાર નરાધમને પોલીસે ઝડપ્યો

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાની એક યુવતીને ખેતરમાં ખેંચી જઈ દુષ્કર્મ આચરીને ગળા ઉપર ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકી ફરાર થયેલા નરાધમને પોલીસે ઝડપી પાડી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

૨૧ વર્ષની યુવતી રાત્રે ૧૦ વાગ્યે કુદરતી હાજતે ઘરની નજીકમાં આવેલા ખેતરમાં ગયેલી હતી સીંગેડી ગામના માના શંકરભાઈ પટેલ યુવતી પાસે આવી કહેલ કે, તુ બુમો પાડીશ તો તને મારી નાંખીશ તેમ કહીને યુવતીને ખેતરમાં ખેંચી જઈ માના પટેલે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી કહ્યુ કે, તુ મારી સાથે બોલતી નથી તેમ કહી ચપ્પુના ઉપરા છાપરી ઘા ગળાના ભાગે મારી નાસી ગયો હતો.યુવતીને લોહી નીકળતા બેભાન થઈ ગયા બાદ ભાનમાં આવતા યુવતીએ બુમાબુમ કરતા પરિવારજનો દોડી આવેલા અને યુવતીને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી હતી જયાં યુવતીની તબિયત નાજુક જણાતા તેને વધુ સારવાર અર્થે દાહોદ ખસેડવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધી આરોપી માના શંકર પટેલના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

આરોપી ગામ છોડી અન્ય જગ્યાએ પલાયન થઈ જાય તે પહેલા પોલીસે અલગ અલગ ટીમો બનાવી સ્થાનિક બાતમીના આધારે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

# દાહોદમાં રેલ્વે ટ્રેકનુ મેન્ટેનન્સ કરતી TTM મશીન પાટેથી ખડી પડતા દોડધામ

દાહોદ, દાહોદ શહેર નજીક અનાસમાં રેલ્વે ટ્રેકનુ મેન્ટેનન્સ કરી રહેલી ટી.ટી.એમ.મશીન કોઈ કારણોસર પાટેથી ખડી પડતા રેલ્વે વિભાગમાં દોડધામ મચી જવા પામી હતી. જોકે ઘટનાને કારણે રેલ્વે વ્યવહાર પ્રભાવિત નહિ થતાં સંબંધિતોએ હાશ અનુભવી હતી. ઘટનાને પગલે રેલ્વેનુ સાયરન ગુંજતુ થતા કોઈ મોટી ઘટના બની હોવાની દહેશત ફેલાઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.105

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ૨૧ વર્ષની યુવતિ ચુંટણી જીતીને સરપંચ બની

# ગોધરા તાલુકાના આંગળીયા ગ્રામ પંચાયતની કમાન હવે ૨૧ વર્ષીય યુવતિના હાથમાં

## પંચમહાલ જીલ્લામાં સૌથી નાની વયે સરપંચનો પદભાર સંભાળશે યુવતિ

ગોધરા,
ગુજરાતમાં તાજેતરમાં જ ૧૦ હજાર થી વધુ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને અન્ય હોદ્દેદારો માટેની ચુંટણી યોજાઈ. પહેલીવાર ગ્રામ પંચાયતની ચુંટણીમાં અલગ મિજાજ જોવા મળ્યો. અનેક ગ્રામ પંચાયત પર મહિલા સરપંચ ઉમેદવારોનો વિજય થયો છે. જેથી મહિલા સશકિતકરણનો પરચો જોવા મળ્યો. આ સાથેજ ગુજરાતના રાજકારણમાં યુવા અને યુવતિઓની મજબુત પકડ પણ જોવા મળી. ગુજરાતમાં યોજાયેલ ગ્રામ પંચાયતની ચુંટણીમાં અનેક યુવા-યુવતિઓએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી અને તેમાં ભવ્ય જીત મેળવી ગ્રામ પંચાયતોની કમાણ યુવાઓના મજબુત હાથોમાં જોવા મળશે. આ સાથે જ ગુજરાત રાજયની કેટલીક ગ્રામ પંચાયતોમાં ૨૧ વર્ષના યુવા-યુવતિઓએ સરપંચ પદ માટે ચુંટાઈ આવ્યા છે. ગ્રામ પંચાયતમાં હવે આમનું રાજ ચાલશે. પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના આંગળીયા ગ્રામ પંચાયતમાં ૨૧ વર્ષીય યુવા દિકરી સરપંચ તરીકે ચુંટાઈને આવી છે. જે બતાવે છે કે, ગામના લોકો પણ હવે યુવા શકિત પર અને મહિલા સશકિતકરણ પર વિશ્વાસ રાખતા થયા છે.



ગોધરા તાલુકાના આંગળીયા ગ્રામ પંચાયતની ચુંટણીમાં સૌથી યુવાન ૨૧ વર્ષીય યુવતિ અર્પિતાબેન પસાયા સરપંચ પદ માટે વિજેતા બની છે. ગુજરાતમાં મહિલા સશકિતકરણનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો પંચમહાલ જીલ્લો તેના માટે પરફેકટ છે. પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના આંગળીયા ગ્રામ પંચાયત પર સૌથી યુવાન યુવતિ અર્પિતાબેન રમેશભાઈ પસાયાની જીત થઈ છે. આંગળીયા ગ્રામ પંચાયતના સરપંચ પદ માટેની ચુંટણીમાં કુલ ૫ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેમાં અર્પિતાબેન પસાયા એ ૫૨૩ મત મેળવી સરપંચ પદ માટેની જીત હાંસીલ કરતા તેમના પરિવારજનો અને તેમજ ગામમાં અનેક ગામની અન્ય યુવતિઓમાં ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. અર્પિતાબેન પસાયાની જીતથી ગ્રામજનોમા અનેરો ઉત્સાહ જોવા મળ્યો. અર્પિતાબેન પસાયા એ પોતાના આટલી નાની ઉંમરના સરપંચ બનાવવા બદલ ગામના લોકોને આભાર માન્યો હતો.

ગોધરા તાલુકાના આંગળીયા ગ્રામ પંચાયતની ૨૧ વર્ષીય સરપંચનું નામ અર્પિતાબેન પસાયા છે. અર્પિતાબેન પસાયા એ ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ પંચમહાલ જીલ્લામાં સૌથી નાની ઉંમરના સરપંચ બન્યા છે. અર્પિતાબેન પસાયાની જીત થી ગામની અન્ય યુવતિઓમાં પોતાના જીવનમાં કંઈક કરવાનો અને આગળ વધવાનો ઉત્સાહ અને વિશ્વાસ જાગ્યો છે. જીત બાદ ગામના લોકો દ્વારા અર્પિતાબેન પસાયાનું વિજય સરઘસ પણ કાઢવામાં આવ્યું હતું. તો અર્પિતાબેન પસાયા એ વિજય બદલ ગ્રામજનો અને મતદારોનો આભાર માન્યો હતો. અને આવનારા દિવસોમાં ગામનો વિકાસ કરવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

અર્પિતાબેન પસાયા એ જીત બાદ જણાવ્યું હતું કે, તે સરકારની વિકાસલક્ષી દરેક યોજનાઓને ગામના છેવાડાના દરેક લોકો સુધી પહોંચાડશે અને ગામમાં અટકી ગયેલા વિકાસના કામોને આગળ ધપાવશે. ગામના લોકોએ ખુબજ સાથ સહકાર આપ્યો છે. ગામના લોકોના સહકારના કારણે જે હું આ સીટ પરથી સરપંચ તરીકે વિજેતા બની છું. આગામી સમયમાં ગ્રામ પંચાયતમાં દરેક સમાજના લોકોને જે પણ કામ હશે તે કામ હું કરીશ. તેમજ મારે ગામ માટે પાણીની સમસ્યા દુર કરવી છે. મારા આંગળીયા ગામના છેવાડા સુધીના ફળીયાઓમાં પાકા રસ્તા બનાવી ફળીયાઓને પાકા રસ્તાથી જોડાવી રસ્તાની સમસ્યાનું નિરાકરણ કરવું છે. તે સાથેજ ગામના યુવાનો અને યુવતિઓને તેમજ ગામની મહિલાઓને ગામમાં જ રોજગારી મળી રહે તે માટે પુરેપુરો પ્રયાસ કરવો છે. મારા ગામના ખેડુત ભાઈ અને વડીલોને ખેતી માટે પાણી મળી રહે તે માટે ચેક ડેમો બનાવીશું. આંગળીયા ગામમાં શિક્ષણને લગતી પાયાની સુવિધાઓને પ્રાધાન્ય આપવાનું છે. ગ્રામ પંચાયત થકી ગામમાં રોડ-રસ્તા, પાણી, વિજળી, સાફ-સફાઈ જેમ પાયાની સુવિધાઓને દરેક ગ્રામજનો સુધી પહોંચાડવાની છે. સૌનો સાથ અને સૌના સહકાર થી આંગળીયા ગામને કુપોષણ મુકત ગામ, નિર્મળ ગામ અને ગોકુળ ગામ બનાવવા માટે પ્રયાસો કરીશ તેવી ગામના લોકો જોડે વિશ્વાસ વ્યકત કર્યો હતો.

## શહેરા તાલુકા પ્રા.શિક્ષક ઘટક સંઘ દ્વારા જુની પેન્શન યોજના લાગુ કરવાની માંગણીઓ સાથે ધરણા પર બેઠા

શહેરા,
પંચમહાલના શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘદ્વારા તાલુકા પંચાયતમાં આવેલ શિક્ષણ કચેરી ખાતે જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા સહિતની અનેક માંગણીઓને લઈને ધરણા ઉપર બેઠયા હતા. અહીં ઉપસ્થિત સૌ શિક્ષકોએ કોરોનામાં મૃત્યુ પામેલ શિક્ષકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. જયારે તાલુકાના શિક્ષકો દ્વારા આવા અનેક કાર્યક્રમો વિવિધ માંગને લઈને આવનાર દિવસોમાં કરવામાં આવનાર છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પંચમહાલ શહેરા તાલુકામાં અંદાજિત બસોને ૨૪૬ પ્રાથમિક શાળાઓ આવેલી છે. આ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોની અનેક પડતર માંગણીઓ રાજય સરકાર દ્વારા સ્વીકારવામાં નહીં આવતા શિક્ષણ આલમમાં ભારે નારાજગી જોવા મળી રહી હતી. તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલ શિક્ષણની કચેરીની બહારના મેદાનમાં તાલુકાની શાળામાં ફરજ બજાવતા મોટી સંખ્યામાં શિક્ષકો પ્રાથમિક શિક્ષક ઘટક સંઘના આદેશથી શિક્ષકો દ્વારા જૂની પેન્શન યોજના ફરીથી તાત્કાલિક ચાલુ કરવી તેમજ સાતમા પગાર પંચનો લાભ સમગ્ર દેશમાં સમાન રૂપે આપવામાં આવે અને H -TAT તથા પ્રાથમિક શિક્ષકોના મેહેકમ સેટઅપની સંખ્યા સુધારવા બાબત સહિતની વિવિધ માંગણીઓને લઈને ધરણા ઉપર બેઠયા હતા. અહીં ઉપસ્થિત સૌ શિક્ષકોએ કોરોના મૃત્યુ પામેલા શિક્ષકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. જે રીતે શિક્ષકો મોટી સંખ્યામાં એકત્રીત થયા થયેલને જોતા એમ લાગી રહ્યું હતું કે, હવે શિક્ષકો પોતાની પડતર માંગણીઓ સંદર્ભે સરકાર સામે આંદોલન કરે તો નવાઈ નહી. પ્રાથમિક શિક્ષકો ની વિવિધ પડતર માંગણીઓ વહેલી તકે રાજ્ય સરકાર સ્વીકારે તેવી આશા પણ ધરણા ઉપર બેઠેલા શિક્ષકો રાખી રહ્યા હતા.

## વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ સભ્યોના મતોનું રિકાઉંટિંગ લેખિત માંગવા છતાં ચૂંટણી અધિકારીએ રિકાઉંટિંગ ન આપતા સરપંચ સભ્યો અને એજન્ટોમાં નારાજગી

કાલોલ,
કાલોલ ખાતે આવેલ એમ.એમ.આર્ટસ કોમર્સ કોલેજ ખાતે મત ગણતરી યોજવામાં હતી. ત્યારે વેજલપુર ગ્રામ પંચાયતનો છેલ્લે નંબર આવ્યો હતો. જેથી તમામ સભ્યો અને એજન્ટોને આખી રાત ઉજાગરો કરવો પડયો હતો. ત્યારે વેજલપુરના મતોની ગણતરી કરવાનો નંબર વહેલી સવારમાં આવ્યો હતો અને મત ગણતરી કરતા સવારના નવ વાગી ગયા હતા. જેથી સૌથી વધારે મતો રદ કરવામાં આવ્યા હતા. જેથી સરપંચના એજન્ટ દ્વારા ચૂંટણી અધિકારી જી.એલ. નિસારતાને લેખિતમાં જણાવેલ કે રદ કરેલ મતોની ચકાસણી કરવામાં આવે અને ફરીથી રિકાઉંટિંગ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી અને લેખિતમાં જણાવેલ અમાન્ય કરેલ મતોની સંખ્યા રાજ્ય ચૂંટણી આયોગ ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા મત ગણતરી સમયે ઉપયોગ માટેના માર્ગદર્શન ઉદાહરણ દર્શાવતી પુસ્તિકા મુજબ રદ થયેલા છે કે કેમ તે માટેની રદ થયેલા મતોની પૂર્ણ ચકાસણી માટેની માગણી કરેલ પરંતુ તેના ઉપર કોઈ નિર્ણય કરેલ નથી. જેથી મત ગણતરી દરમિયાન અમાન્ય કરેલ મતોની સંખ્યા વધારે છે અને અમો ૨૦૦ જેટલા મતો થી પાછળ હોય રદ થયેલા મતો ની પૂર્ણ ચકાસણી કરવાની જરૂરી કાર્યવાહીની લેખિત માંગ કરેલ તેમ છતાં કાલોલ ચૂંટણી અધિકારી જી.એલ.નિસારતા દ્વારા રિકાઉંટિંગ કરવામાં આવ્યું ન હતું અને રદ થયેલા તમામ મતોનું નિરક્ષણ પણ કરવામાં આવ્યું ન હતું. જી.એલ. નિસારતા દ્વારા ઉડાવ જવાબ આપવામાં આવ્યો હતો કે સરપંચના ઉમેદવારના મત ગણતરી એજન્ટની રદ થયેલા પત્રોની પૂર્ણ મત ગણતરી કરવા અંગેની રજૂઆતમાં કોઈ ચોક્કસ સ્પષ્ટ કારણ ફલિત થતું નથી. અમો ચૂંટણી અધિકારી દ્વારા રદ કરવામાં આવેલા મત પત્રો અંગે નિયમોનુસાર યોગ્ય નિર્ણય લેવામાં આવે છે. જેથી રદ કરેલ મત પત્રોની પૂર્ણ મત ગણતરી કરવાનું અમોને કોઈ જરૂરિયાત જણાતી નથી અને ચુંટણી અધિકારી જી.એલ.નિસારતા સંપૂર્ણપણે અસ્વીકાર કરેલ અને નામંજૂર કરી ઉડાવ જવાબ આપ્યો હતો. જેથી ચૂંટણી અધિકારી પંચમહાલ નોડલ અધિકારીને લેખિતમાં જણાવેલ કે મત ગણતરી દરમિયાન અમાન્ય રદ મતોની સંખ્યા વધારે છે અને અમો ૨૦૦જેટલા મતોથી પાછળ છે. લેખિત આપ્યા છતાં રિકાઉંટિંગ કરવામાં આવ્યું ન હતું અને કાલોલ ચૂંટણી અધિકારી જી.એલ.નિસારતા દ્વારા ઉડાવ જવાબ આપ્યો હતો અને સરપંચ અને સભ્યોને કુલ કેટલા મતો મળયા વિજેતા ઉમેદવારને કેટલા મત મળ્યા તેમજ હરીફ ઉમેદવારને કેટલા મત મળ્યા અને કેટલા અમાન્ય થયા એની જાહેરાત કર્યા વગર ચૂંટણી અધિકારી જતા રહયા હતા. તેની જાણ કરવામાં આવી ન હતી. જેથી વેજલપુર ગામમાં ચહલ પહલ મચી જવા પ્રામી છે અને ગામમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

## મતદારને રીઝવવા એડી ચોટીનું જોર બનેલી ગ્રામ પંચાયત ચૂંટણી લોકશાહીના મૂલ્યોનું છડે ચોક હનન

નદીસર,
તાંજેતર માં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં મતદાન પૂર્ણ થયા બાદ પરિણામો પણ આવી ગયા છે અને ધીમે ધીમે ગ્રામ્ય વિસ્તાર ચુંટણીના આટા પાટા માથી બહાર નીકળી પુનઃ ધબકતો થઈ રહ્યો છે. વર્ષો થી ગ્રામ પંચાયતની ચુંટણીએ ઉત્સવ જેવી રહી છે અને લગભગ ૮૦ ટકા ઉપરાંત મતદાન જોવા મળે છે. જેમાં સ્થાનિક લોકોને જ મત આપવાના હોય એટલે અને એક એક મતની કિંમતના કારણે ગામમાં મત ધરાવતા અને બહાર રહેતા લોકોને પણ મત આપવા રીતસરનું આમંત્રણ આપવામાં આવે છે અને વર્ષો થી સ્થાનિક પંચાયતની ચૂંટણી રસપ્રદ રહે છે, પરંતુ આ વખતે તમામ બાબતો સાથે મોટા ભાગની પંચાયતોમાં વિકાસ અને ભ્રષ્ટાચારના મુદ્દા સાથે મતદારોને પોતાના તરફ રીઝવવા માટે પ્રચાર સાથે સાથે ઉમેદવારો દ્વારા મોટાપાયે આર્થિક કે ભેટ સોગાદોના વ્યવહાર થયાનું ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ કેટલીક ગ્રામ પંચાયત ઉમેવારો દ્વારા સરપંચ નહિ પણ સભ્ય પદ માટે ત્રણ થી ચાર લાખ રૂપિયાનો ખર્ચ વોર્ડ દીઠ કરવામાં આવ્યો હોવાની ચર્ચા જામી છે. જેમાં ઘર દીઠ એક લીટર થી લઈ પાંચ લીટર તેલ, સાડી, વાસણ, સહિત રોકડ વ્યવહારો પણ થયા છે. મતગણતરી સ્થળે એક તરફ મત ગણતરીના રાઉન્ડ પૂરા થતા હતા. ત્યારે બહાર સમર્થકોમાં થતી ચર્ચા મુજબ સરપંચ પદ માટે ઘણા ગામોમાં ૧૫-૨૦ લાખ રૂપિયા જેવી રકમનો ખર્ચ થયાનું ચર્ચાઈ રહ્યું હતું. તો ઘણા ગામોમાં છેલ્લી ઘડી સુધી મત આપવા માટે રોકડ વ્યવહારો થઈ રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. ત્યારે જો ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ માટે જ ગ્રામ પંચાયતનો વહીવટ સંભાળવાનો હોય ત્યારે ઉમેદવારો દ્વારા આટલા મોટાપાયે થયેલા ખર્ચ પાછળ વિકાસની ચાનક કે પછી મનરેગા સહિત વિવિધ યોજના અને કામો થકી આવતી લાખો રૂપિયા ગ્રાન્ટો તરફની નજર એતો આગામી સમય જ બતાવશે પણ જિલ્લા માં ગામેગામ થતી ચર્ચાઓ મુજબ આ વખતની ગ્રામ પંચાયત ચૂંટણી ઘણા બધા સમીકરણોમાં ફેરફાર લાવશે.

## ગોધરા સિંદુરી માતાના મંદિર વિસ્તારમાં ગંદકીથી સ્થાનિક રહિશો પરેશાન

ગોધરા,
રાજ્યમાં કોરોના વાયરસનો વેરીઅન્ટ ઓમિક્રોનનો ખતરો હાલ તોળાઈ રહ્યો છે. ત્યારે સિંદૂરી માતા મંદિર વિસ્તારમાં આવેલી વરસાદી કાસની કેનાલમાં અસહ્ય ગંદકીના કારણે વોર્ડ સદસ્ય અને સ્થાનિક રહીશ દ્વારા નગર પાલિકાના સતાધીશો ને રજુઆત કરવામાં આવી હતી. જે રજુઆતને નગર પાલિકાના સતાધીશો એ ગંભીરતા પૂર્વક લેતા તાબડતોબ જે.સી.બી.મશીનથી વરસાદી કાસની કેનાલની સાફ સફાઈ કરાવી હતી.

કોરોના વાયરસનું નવું સ્વરૂપ ઓમિક્રોન ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. વાયરસના સંક્રમણના ફેલાવાને લઈને સમગ્ર વિશ્વની ચિંતા વધી ગઈ છે. અને વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી તમામ દેશોની સરકારો સતત ચેતવણી આપી રહી છે. ત્યારે ગોધરા નગરપાલિકા વિસ્તારની હદમાં આવેલ વોર્ડ નંબર એક ના સિંદુરી માતા મંદિર પાસે પસાર થતી વરસાદી કાસની કેનાલ માં અસંખ્ય ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ સાથે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું હતું. જેને લઈ વોર્ડ નંબર એક ના સામાજિક કાર્યકર વિઠ્ઠલભાઈ પરમાર અને નગરપાલિકાના કાઉન્સિલર દીવાબેન પરમારે ગોધરા નગરપાલિકા પ્રમુખ સહિત ચીફ ઓફિસર ને રજૂઆત કરી હતી. જે રજુઆતમાં જણાવ્યા અનુસાર અમારા વોર્ડ નંબર એક વિસ્તારમાં આવેલ સિંદુરી માતા મંદિર પાસે પસાર થતી વરસાદી કાસની કેનાલ માં અસંખ્ય ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ સાથે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયુ છે. જેનાથી આજુબાજુમાં રહેતા સ્થાનીક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેથી આ બાબતે સત્વરે ધ્યાન આપી યોગ્ય પગલાં લેવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ગોધરા નગરપાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની એ આ બાબતે ધ્યાન આપી તાત્કાલિક ધોરણે ગોધરાના વોર્ડ નંબર એક વિસ્તારમાં આવેલી સિંદૂરી માતા મંદિર પાસે જેસીબી મશીનથી વરસાદી કાસની કેનાલ માં અસંખ્ય ગંદકી ને દૂર કરી નિકાલ કરવામાં આવ્યો હતો.

## વડોદરામાં કેન્ટોન લેબોરેટરીઝમાં બોઈલર ફાટતા માતા-પુત્રીની સહિત ૪ના મોત



વડોદરા,
વડોદરા શહેરમાં મકરપુરાની જીઆઈડીસીની કેન્ટોન લેબોરેટરીઝમાં આજે સવારે બોઈલર ફાટતા પ્રચંડ બ્લાસ્ટ થયો હતો અને આગ ફાટી નીકળી હતી. જેમાં માતા-પુત્રની સહિત ૪ના મોત થયા છે. જયારે બાળકો સહિત ૧૪ જેટલા કામદારો ઈજાગ્રસ્ત થયા હતા. બ્લાસ્ટને પગલે કંપનીમાં દોડધામ મચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને લઈ જવા એમ્બ્યુલન્સ સમયસર નહીં પહોંચતા કામદારો સહિત બાળકો જમીન પર પડી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. બોઈલર નીચે કામદારો દબાયેલા હોવાની આશંકાને પગલે ફાયર બ્રિગેડે મલબો હટાવવાની કામગીરી શરૂ કરી હતી

કંપની પર પોલીસ કમિશનર શરશેરસિંઘ અને મેયર કેયુર રોકડિયા પહોંચ્યા હતા. પોલીસ કમિશનર શમશેર સિંઘે જણાવ્યું હતું કે, ઘટનાની તપાસ એસીપી કક્ષાના અધિકારીને સોંપાઈ છે. આ ઘટના ગંભીર છે અને પ્રાથમિક તબક્કે કંપની સંચાલકોની બેદરકારી સામે આવી છે. ઘટનામાં ૪ મોત નીપજ્યા છે અને ૧૦ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

મેયર કેયુર રોકડીયાએ જણાવ્યું હતું કે, ફેકટરી ઈન્સ્પેકટરે યોગ્ય નિરીક્ષણ કર્યું હોત તો ઘટના ન બની હોત. બાળકી અને તેની માતાનું મોત થયું એટલે ઘટના ખૂબ ગંભીર છે. કલેકટર, જી.પી.સી.બી અને પોલીસ તંત્રને તપાસની સૂચના આપવામાં આવી છે. કેન્ટોન લેબોરેટરીઝ કંપની પરિસરમાં કામદારોના રહેવા માટે વસાહત બનાવવામાં આવી હતી. વાસહતની બિલકુલ નજીક જ બોઈલર ફાટ્યું હતું. જેમાં કામદારોના નાના બાળકો સહિત પરિવારજનો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, આસપાસના ઉદ્યોગો હચમચી ઉઠ્યા હતા અને દોઢ કિલોમીટર સુધી બિલ્ડિંગોના કાચ તૂટ્યા હતા અને કંપનીની બાજુમાં આવેલા ઘરની દીવાલો પણ તૂટી ગઈ હતી. પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ પણ સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને શ્રૌફ ફાઉન્ડેશન, યુનિટી અને નાયક હોસ્પિટલમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ફાયર સ્ટેશનના અધિકારી નિકુંજ આઝાદે જણાવ્યું હતું કે, કંપની દ્વારા ગેરકાયદે રીતે બોઈલરની બાજુમાં ઘરો બનાવ્યા છે. ઘરમાં કામદારો અને તેમના પરિવાર રહે છે. બોઈલર વધુ ગરમ થતાં અને ટેમ્પરેચર પ્રોપર મેઈન્ટેઈન ન થતાં બોઈલર ફાટ્યા હોવાનું અનુમાન છે. કંપનીનું જી.ઈ.બીનું કલેક્શન કાપી નાખવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચીને ટોળા વિખેર્યા હતા. આ દુર્ઘટનામાં માતા-પુત્રની સહિત ૪ના મોત થયા છે. બ્લાસ્ટ થયેલા બોઈલર નીચે અન્ય કામદારો દબાયેલાની શક્યતા હોવાથી ફાયર બ્રિગેડ દ્વારા ક્રેન દ્વારા મલબો હટાવી શોધખોળ શરૂ કરવામાં આવી છે.

મૃતકોના નામ જોઈએ તો રિયા ચૌહાણ(ઉ.૪) વર્ષા ચૌહાણ (ઉ.૩૦) રવિ જીતેન્દ્ર વસાવા(ઉ.૨૧), (રહે. નવીનગરી, બીલ ગામ, વડોદરા) સતીશ એમ જોષી(ઉ.૬૫), (રહે. ૪૩૩, વિજયનગર, તરસાલી) છે.


## મતદારોનો આભાર......

ગોધરા તાલુકાની કંકુથાંભલા ગ્રામ પંચાયત માં સરપંચ પદે વિજય બનાવવા બદલ સર્વે મતદાર ભાઈ-બહેનો, વડીલો તેમન તમામ ગ્રામજનોનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.. સાથે ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ તમામ નાગરિક સુધી પહોંચાડીને તેમનો સર્વાંગી વિકાસ કરવો એ જ અમારો મંત્ર રહેશે...





શ્રીમતી ધર્મિષ્ઠાબેન મનોજકુમાર બારીયા
સરપંચશ્રી કંકુથાંભલા, તા.ગોધરા, જી.પંચમહાલ

શ્રી મનોજકુમાર બારીયા

## મતદારોનો આભાર......



ગોધરા તાલુકાની મોરડુંગરા(ન.વ.) ગ્રામ પંચાયત માં સરપંચ પદે વિજય બનાવવા બદલ સર્વે મતદાર ભાઈ-બહેનો, વડીલો તેમન તમામ ગ્રામજનોનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.. સાથે ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ તમામ નાગરિક સુધી પહોંચાડીને તેમનો સર્વાંગી વિકાસ કરવો એ જ અમારો મંત્ર રહેશે...

શ્રીમતી રમીલાબેન અર્જૂનભાઈ રાવળ
સરપંચશ્રી મોરડુંગરા(ન.વ.), તા.ગોધરા જી.પંચમહાલ


## લુણાવાડા નગરપાલિકા, જી.મહીસાગર ફાયરની ભરતી અંગેની જાહેરાત

લુણાવાડા નગરપાલિકાના ફાયર વિભાગના કર્મચારીઓની ભરતી માટે ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અગન-૨૦૧૮-૭૦-૫ પાર્ટ તા.૨૭/૦૯/૨૦૧૯ થી મંજુર થયેલ ફાયર વિભાગની નવિન કુલ-૨૧ જગ્યા તથા રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃસફસ/ફન-૧૪૯/૭૧૩/૨૦૨૧ તા.૩૦/૦૩/૨૦૨૧ તથા કમિશ્નરશ્રી મ્યુન્સિપાલીટી એડમીસ્ટ્રેશનની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરના હુકમ ક્રમાક : કમિ.મ્યુનિ.એડી/મહેકમ-૧/ફાયરભરતી/વશી.૭૦૦/૨૦૨૧ તા.૦૬/૦૪/૨૦૨૧ થી (નિયમોમાં સુધારા વધારા સાથે) તથા મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી નગરપાલિકાઓ, વડોદરાના પત્ર ક્રમાંક : પ્રા.ક/વશી/૩૬૦/૨૦૨૧ તા.૧૨/૦૮/૨૦૨૧ થી મંજર થયેલ છે. જે બાબતે ડીવીઝનલ ફાયર ઓફિસર-૦૧ જગ્યા તથા ફાયરમેન કમ ડ્રાયવર (મહિલા અનામત)-૦૨ જગ્યાઓની ભરતી માટે નિયત શૈક્ષણિક લાયકાત, શારીરિક ક્ષમતા, અનુભવ તથા નિયમિત વય મર્યાદા ધરાવતા ઉમેદવારોએ અરજી ફોર્મ તથા જગ્યાની વિગતો અને શરતો નગરપાલિકા સિવિક સેન્ટર/નગરપાલિકા મહેકમ શાખામાંથી ઓફીસ સમય દરમ્યાન મેળવી શકાશે તથા ઈ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) પરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજી ફોર્મ ભરી R.P.A.D./ સ્પીડ પોસ્ટથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૨૬/૦૧/૨૦૨૨ સુધીમાં કચેરીના સમય દરમ્યાન નગરપાલિકા કચેરીને મળે તે રીતે મોકલવાનું રહેશે. સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ ગ્રાહય રહેશે નહિ.

તા.૨૪/૧૨/૨૦૨૧
જા.નં.૨૯૬૧
લુણાવાડા

(ભદ્રેશ જે. પટેલ)
ચીફ ઓફીસર
લુણાવાડા નગરપાલિકા

(ભાવનાબેન જે. મહેતા)
પ્રમુખ
લુણાવાડા નગરપાલિકા

માહિતી/ગોધરા/૭૭૦/૨૦૨૧